# ટ્રેક નં. ૪૪ : નય, પ્રમાણ, દ્રવ્યદૃષ્ટિ વિષે

✽ પ્રમાણ એટલે શું? નય એટલે શું? દ્રવ્યદૃષ્ટિ એટલે શું? આ બધી વાતો મારી સ્થૂળબુદ્ધિમાં ઉતરતી નથી. તો ચાલો સાંભળીએ પૂ. બહેનશ્રીની તત્વચર્ચા અને સમજી લઈએ.

✽ માંગલિક :

✽ ભક્તિ : હે નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ.
હે એકાંતે વ્યવહાર નહીં, આમાં નથી રહેલ.

✽ પ્રશ્ન : આચાર્ય પશુ તરીકે સંબોધે છે. ગુરુદેવ તો ભગવાન કહેતા'તા. બે વસ્તુ એક જ સંબોધનમાં આટલો બધો ફરક કેમ આવે?

● ઉત્તર : ગુરુદેવ દ્રવ્ય અપેક્ષાએ કહેતા'તા કે તું ભગવાન છો! તું સિદ્ધ છો! જેવો તારો આત્મા એવો ભગવાનનો આત્મા! ભગવાનનો જેવો તારો આત્મા! તું એને ઓળખ, તારો આત્મા ભગવાન જેવો છે. જેવા ભગવાન સમવસરણમાં છે, કેવળજ્ઞાન પામ્યા, એમના દ્રવ્ય ગુણ પર્યાય જેવા છે એવા જ તારા છે. તું ભગવાન છો ને તું ભગવાનને ઓળખ એમ ગુરુદેવ કહેતા'તા. એવી દૃષ્ટિ કર તો તને એ બાજુની અંદરથી પરિણતિ પ્રગટ થાશે. ગુરુદેવ કહેતા, 'અમૃતચંદ્ર આચાર્ય, "તું પશુ જેવો છો." એ એને પર્યાય અપેક્ષાએ, દયા કરુણા આવે છે. અનાદિ કાળથી તું ક્યાં રખડે છે? પર્યાયમાં આ પડ્યો છો? તું ક્યાં અશુદ્ધ? આ તું શુદ્ધ આત્મા? ક્યા આ બધી કલુષિતતા અને આ કષાયની કાલીમામાં તું અનાદિકાળથી પડ્યો. તું પશુ છે? ક્યાંય ક્યાંય ભૂલ તું કરી રહ્યો છે. એટલે પશુ કહે છે એ કરુણાથી કહે છે. ૧.

✽ પ્રશ્ન : બેય પડખા આવી ગયા.

● ઉત્તર : બેય પડખા આવી ગયા. બરાબર છે. (બેય પડખા). આચાર્યે પર્યાયથી વાત કરી ને ગુરુદેવે દ્રવ્યથી. એમણે

પર્યાયથી. આચાર્યદેવ સમજાવવા માટે અનેક પડખાથી વાત કરે છે. દ્રવ્ય અને પર્યાય દરેક સ્વરૂપ આત્મામાં છે. પર્યાયમાં મૂઢ થયેલો ખરેખર અનાદિકાળથી તું પશુ જેવો કાંઈ સમજતો નથી. આત્માનું શું સ્વરૂપ છે? એક એક પક્ષ ગ્રહણ કરીને તું ક્યાં રોકાઈ ગયો છો? તું પશુ જેવો છો. કળશ કળશમાં કીધું છે 'તું પશુ જેવો છે.' તું ભગવાન છો. તું વિચાર કર 'તું ભગવાન છો.' આ બધામાં તું ક્યાં રોકાઈ ગયો? આ તારું સ્વરૂપ નથી. તું ભગવાન જેવો છો. તું બકરાના ટોળામાં આવી ગયો. તું બકરા જેવો, જાણે હું બકરો થઈ ગયો. મને તો તું સિંહ જેવો લાગે છે. તું એને ઓળખ. એમ ગુરુદેવ કહે છે. ૨.

*** પ્રશ્ન : દ્દઠવીં ૭વીં ગાથામાં ઐસે બતાયા કે દ્રવ્યદૃષ્ટિ અગર ઐસે ચિંતવન કરતી હૈ તો દ્રવ્ય તો શુદ્ધ અશુદ્ધ પર્યાયોંકા પિંડ હૈ. દ્રવ્યદૃષ્ટિસે દ્રવ્યકો શુદ્ધ અશુદ્ધ પર્યાયોકા પિંડ કિસ અપેક્ષાસે કહા?**

● ઉત્તર : એક દ્રવ્યાયાર્થિક દૃષ્ટિકા દ્રવ્ય હોતા હૈ ને? અખંડ એક દૃષ્ટિ એક શુદ્ધ, શુદ્ધકો ગ્રહણ કરે ઈસકો દ્રવ્યદૃષ્ટિ કહે. શુદ્ધકો ગ્રહણ કરે ઉસકો ભી દ્રવ્યદૃષ્ટિ કહેતે હૈં. શુદ્ધ અશુદ્ધ અખંડ ઈસકો ભી દ્રવ્યાર્થિક, આખું દ્રવ્ય લે ઉસકો ભી દ્રવ્યાર્થિકનય કહેતે હૈ ઔર દ્રવ્યાર્થિક ચૈતન્યકો ગ્રહણ કરતે ઉસકો ભી દ્રવ્યાર્થિક કહેતે હૈ. મૂળ તો ઉસકા વિષય ભેદ નહીં હોતા. યે સબ ગૌણ હો જાતા હૈ. એ શુદ્ધનય ઔર દ્રવ્યદૃષ્ટિ ઈસકો કહેનેમેં આતી હૈ. દ્રવ્યાર્થિકકા ભેદ હોતા હૈ. ઈસકો ભી દ્રવ્યાર્થિક કહેતે હૈ. ઉસકો ભી દ્રવ્યાર્થિક કહેતે હૈ. શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. ૩.

*** પ્રશ્ન : યે દ્રવ્યદૃષ્ટિકા જો વિષય નહીં હૈ શુદ્ધ અશુદ્ધ ભેદ દોનોં.**

● ઉત્તર : યહ દૃષ્ટિકા વિષય નહીં હૈ. ઈસમેં એક સામાન્ય હોતા હૈ. ૪.

✻ પ્રશ્ન : સામાન્ય જ્ઞાયક સ્વભાવકી જરા વ્યાખ્યા કરનેકી કૃપા કરે.

● ઉત્તર : સામાન્ય જ્ઞાયક સ્વભાવ જિસમેં 'મૈં જ્ઞાન હું, દર્શન હું, ચારિત્ર હું' ઐસા ભેદ નહીં પડતે. આત્મામેં સબ ગુણ તો હૈ. જ્ઞાન હૈ, દર્શન હૈ, ચારિત્ર હૈ, સબ હૈ આત્મામેં. ઔર જ્ઞાન જાનતા હૈ. દર્શન પ્રતીત કરતા હૈ. અવલોકનરૂપ દર્શન હોતા હૈ. પ્રતીતરૂપ દર્શન હોતા હૈ. ચારિત્ર હૈ. સબ અનંત ગુણ ઐસે આત્મામેં હૈ પણ એ સબ ગુણ ઉપર જો એક સામાન્ય ગ્રહણ કરતા હૈ ઈસકો ગુણો પર દૃષ્ટિ નહિં હોતી. મૈં જ્ઞાયક અસ્તિત્વ હું' એક સાકર પદાર્થ જાન લિયા. સાકર હૈ તો સાકરકા ક્યા સ્વભાવ હૈ? યે સબ સાકર ધોળી હૈ, સાકર ગળી હૈ, યે સબ જ્ઞાનમેં જાનનેમેં આતા હૈ. તો 'સાકર હૈ, બસ હૈ', ઈસકા અસ્તિત્વ ગ્રહણ કર લેના. એ દૃષ્ટિકા વિષય હોતા હૈ. અસ્તિત્વ 'મૈં જ્ઞાયક હૂં' યે જ્ઞાયક તો શબ્દ બોલનેમેં આતા હૈ, પર ગ્રહણ કરનેમેં 'મૈં જ્ઞાયક હું' ઐસે ભી નહીં. મૈં જે હૂં તે સામાન્ય સ્વરૂપમેં 'મૈં હું' મૈં અસ્તિત્વ સ્વરૂપ 'મૈં હું'. 'એ શરીર મૈં નહીં, એ વિભાવ મૈં નહીં હું. પણ એક મૈં સામાન્ય જ્ઞાયક જો જાનનેવાલા હૈ વે મૈં હૂં'. યે જાનનેવાલા ગુણ ગુણીકા ભેદ ભી જિસમેં નહીં હોતા હૈ. યે ઐસે અસ્તિત્વકા ગ્રહણ. અપની અસ્તિત્વ-સત્તા-માત્રસત્તા યે સત્તાકો જો ગ્રહણ કરતે હૈ વહ દ્રવ્યદૃષ્ટિ. સબ ગુણ, પર્યાય, ભેદ ઉપર દૃષ્ટિ ઉસકો નહીં રહતી. યહ સત્તા, સામાન્ય સત્તા. અપની સત્તા પરકી સત્તા નહીં, પર દ્રવ્યકી સત્તા નહીં અપની ચૈતન્યકી સત્તા ચૈતન્યકી સત્તા જો ગ્રહણ કરતે હૈ. વહ દ્રવ્યદૃષ્ટિ. ૫.

✻ પ્રશ્ન : દર્શન, જ્ઞાનગુણકો ઉસમેં દર્શન સામાન્યકો ગ્રહણ કરતા હૈ ઉસ સામાન્યમેં, ઔર આ દૃષ્ટિ કે સામાન્યમેં ક્યા અંતર હોતા હૈ?

● ઉત્તર : દર્શન ગુણ સામાન્યકો ગ્રહણ કરતા હૈ. દર્શન ગુણ સામાન્ય ઔર દૃષ્ટિ ઔર દર્શન દોનોં એક હી હૈ. ૬.

✻ પ્રશ્ન : શ્રદ્ધા ઔર દર્શનકા વિષય તો દોનોં એક હી હૈ ?

● ઉત્તર : એક હૈ. દર્શન, દૃષ્ટિકા વિષય, શ્રદ્ધા સબ એક હી હૈ. સ્વાનુભૂતિ કો ભી સમ્યક્દર્શન કહેતે હૈ. ૭.

✻ પ્રશ્ન : દ્રવ્યદષ્ટિની અપેક્ષાએ પર્યાયમાં પણ અકર્તૃત્વ કહ્યું છે.

● ઉત્તર : પર્યાયનો, જીવ અકર્તા દ્રવ્ય દૃષ્ટિએ કહેવાય છે. પર્યાયનું અકર્તૃત્વ નહીં, એટલે પર્યાય છે જ નહીં એમ નહીં. પર્યાયનો જીવ અકર્તા ને અભોક્તા એ દ્રવ્યદૃષ્ટિએ પર્યાયનો અકર્તા. પર્યાયનું કર્તૃત્વ તો છે. પર્યાય તો છે, પર્યાય નથી એમ નહીં. દ્રવ્યદૃષ્ટિએ નથી એમ કહેવાય. દ્રવ્યની અપેક્ષાએ. પર્યાયની અપેક્ષાએ તો કર્તૃત્વ ભોક્તૃત્વ છે એમ. દ્રવ્યદૃષ્ટિથી અકર્તા, અભોક્તા. એને પાછું દ્રવ્ય અને પર્યાયને અભેદ કરો તો પર્યાયનો કર્તા ભોક્તા દ્રવ્ય છે. પર્યાય અદ્ધર લટકે છે અને દ્રવ્ય કાંઈક અદ્ધર લટકે છે એવું નથી. કે પર્યાય કાંઈક દ્રવ્યના આધાર વગર અદ્ધર અદ્ધર થાય છે ને દ્રવ્ય કાંઈ અદ્ધર જુદું રહી જાય છે એવું નથી. કેરી છે, કેરીનો રસ કાંઈ જુદો રહી જાય છે, રસની પર્યાય અને કેરીનો રંગ કાંઈ જુદો રહી જાય છે ને કેરી જુદી રહી જાય છે એવું નથી. કેરીને રસ, રૂપ બધું થઈને કેરી છે. પણ એના લક્ષણ જુદા પાડો કે રસ આ જાતનો છે. ખાટો, મીઠો રસ ને, આ લીલી પીળી કેરી. એમ એના રંગ અને લક્ષણ ભેદથી જુદા પાડો તો જુદું કહેવાય અને કેરી આખો પિંડ લ્યો. એમ જુદું પડે. કેરી રસની કર્તા નથી. રસનો કર્તા રસ છે. કેરી ને રસ જુદા એ અપેક્ષાએ કહેવાય. ને અભેદ કરીને કહો તો કેરી જ રસરૂપ છે. કેરી જ ગંધ રૂપ છે. કેરી જ રંગ રૂપ છે. કેરી જ છે એમ એને દ્રવ્ય પર્યાય અભેદ કરીને કહો તો દ્રવ્ય જ પોતે જ અશુદ્ધ પર્યાયરૂપે પરિણમે છે. દ્રવ્ય પોતે જ અશુદ્ધ પર્યાયનો કર્તા છે. દ્રવ્યદૃષ્ટિએ એનો કર્તા નથી. બાકી એને અભેદ કરીને ક્યો તો એને એમ પણ કહેવાય અને દ્રવ્યદૃષ્ટિએ કહો તો ઈ એનો ઈ કર્તા

નથી. દ્રવ્યદૃષ્ટિએ કેરીને એમ કહો. રસને રસ કરે. રંગને રંગ કરે પણ એ બધું જુદું જુદું લટકે છે એમ નથી. એ તો અપેક્ષાએ કહેવાય છે. એ રસેય કેરીનો છે ને રંગેય કેરીનો છે. બધું. ગંધ ય કેરીનો છે. એમ જ્ઞાન ગુણની પર્યાય દ્રવ્યમાં છે, ને આનંદની પર્યાય પણ દ્રવ્યમાં છે. બધું દ્રવ્યમાં છે. એનાથી જુદું લટકતું હોય તો દ્રવ્યનો અનુભવ શેનો થાય? આનંદનો અનુભવ કોને થાય? જ્ઞાનને જાણવાનો અનુભવ કોને થાય? એ દ્રવ્ય ને પર્યાય એ અપેક્ષાએ એક છે. આ તો એને ક્ષણિક અને ત્રિકાળની અપેક્ષાએ જુદા કહેવામાં આવે છે કે પર્યાય પલટતી રહે છે ને દ્રવ્ય શાશ્વત છે ઈ અપેક્ષાએ. બાકી ઈ દ્રવ્યની જ ઈ પર્યાય છે ને દ્રવ્યનો જ ઈ ગુણ છે. પણ એને દ્રવ્ય અપેક્ષાએ એને જુદું પાડીને કહેવાય છે. પર્યાય અને દ્રવ્યને અભેદ કરીને ક્યો તો દ્રવ્યરૂપે પરિણમે છે એમ કહેવામાં આવે છે. આ મૂળ દ્રવ્ય દૃષ્ટિની અપેક્ષાએ જુદું પાડવામાં આવે છે પણ એટલે એ પર્યાય અદ્ધર લટકી ગઈ ને દ્રવ્ય જુદું પડી ગયું એવું નથી. કોને પછી? અનુભવ કોને? ને સિદ્ધનો અનુભવ કોને? ગુણ બધા. જુદા પડી ગયા. પર્યાય જુદી પડી ગઈ. પછી દ્રવ્ય ક્યાં રહ્યું?. દ્રવ્ય શૂન્ય થઈ ગયું તો તો. એમ નથી. અપેક્ષા સમજવી જોઈએ. (ઘણું સરસ) એમ લીધું. જુદું જુદું પાડો તો દ્રવ્ય કયાં? ગુણનો અનુભવ કોને થાશે? આનંદનો અનુભવ. જેમ રાગદ્વેષનો અનુભવ થાય છે. એ રાગને જડ જ કહેશો તો રાગદ્વેષની જે કલુષિતતા થઈ એ થાતી જ નથી? થાતી નથી એ દ્રવ્ય અપેક્ષાએ, પણ એનાથી છૂટવું. આનંદ પ્રગટ કરવો એ વેદન કોને થાય? આવું બધું જુદું જુદું લટકે છે, મૂળ વસ્તુનો સ્વભાવ સમજવાનો છે. પાણીની શીતળતા સમજવાની  પાણી મેલું જ નથી થયું તો શુદ્ધ કરવાનું રહેશે જ નહીં પછી. એમ પાણી મેલું થયું છે એ પર્યાય અપેક્ષાએ પણ મૂળ શીતળતા હોય તો શીતળતા આવે. પાણી ગરમ થાય પણ વાસ્તવિક ગરમ નથી. તો એની શીતળતા ગઈ નથી. પાછું શીતળ થઈ જાય. મૂળ સ્વભાવ ઓળખવાનો છે. પણ

એમાં પર્યાયમાં મલિનતા તો કોઈ અપેક્ષાએ નથી, એમ નથી. કોઈ અપેક્ષાએ ભિન્ન છે ને કોઈ અપેક્ષાએ અભિન્ન છે. બે અપેક્ષા છે. જેનું જેટલું વજન હોય. પર્યાયની અપેક્ષા પર્યાય જેટલી. દ્રવ્યની અપેક્ષા દ્રવ્ય જેટલી. દ્રવ્યનો સ્વભાવ છે ને પર્યાય ક્ષણે ક્ષણે બદલે છે પણ ઈ દ્રવ્યની જ પર્યાય થાય છે, અદ્ધર નથી લટકતી. ૮.

* પ્રશ્ન : જીવની મુક્તિ તો દ્રવ્યદૃષ્ટિથી જ થવાની છે?

● ઉત્તર : એ દ્રવ્યદૃષ્ટિની સાથે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને એની સાથે જ્ઞાન સમ્યક્ હોય છે. અને એ જ્ઞાન બેયને જાણે, દ્રવ્યને જાણે ને પર્યાયને જાણે. જ્ઞાન બેયને સ્વીકારે. દ્રવ્યદૃષ્ટિનું મુખ્ય જોર રહે છે. પણ એની સાથે જ્ઞાન પણ કામ કરે છે. એ જ્ઞાન જાણે છે કે પર્યાયમાં મારી અધૂરાશ છે. પર્યાયમાં હજી વિભાવ છે. દ્રવ્યમાં શુદ્ધતા છે. અને એ શુદ્ધતા. સાધના કરવાની બાકી છે. બધું જ્ઞાન જાણે છે એટલે ઈ સાધના કરવાની બાકી રહે છે. સમ્યક્ દૃષ્ટિ ને જ્ઞાન બંને સાથે રહે છે. દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ થઈ એની સાથે જ્ઞાન પણ દ્રવ્ય ને પર્યાયને ભિન્ન જાણે છે. એકલી દ્રવ્યદૃષ્ટિ હોય અને જ્ઞાન કંઈ કામ જ ન કરે તો એ દૃષ્ટિ સમ્યક્ થઈ શકતી નથી. સમ્યક્ દ્રવ્યદૃષ્ટિ હોય. ભલે મુખ્યપણે હોય. તો જ્ઞાન એની સાથે કામ કરે. એમાં પર્યાય નથી જ. અને પર્યાયની અશુદ્ધતા નથી જ. પર્યાયદૃષ્ટિ એટલે પર્યાય નથી જ એવો એનો અર્થ નથી. એની અપેક્ષા જુદી છે. અપેક્ષા જુદી એટલે વસ્તુમાં પર્યાય જ નથી એવો એનો અર્થ નથી. પર્યાય છે પણ એની અપેક્ષા જુદી છે. સમયસારમાં આવે છે કે ભૂતાર્થદૃષ્ટિથી જોઈએ તો કમલિનીનું પત્ર જે છે, એ કમળ નિર્લેપ છે. અભૂતાર્થ દૃષ્ટિથી જોઈએ તો, જે પાણીમાં છે એને લેપાયેલો છે.

ભૂતાર્થ દૃષ્ટિની સમીપ જઈને જોઈએ તો એ શુદ્ધ છે. બાકી એને અભૂતાર્થ દૃષ્ટિથી જોઈએ તો એ પાણીમાં છે કમળ એટલે એને કાદવમાં રહેલો છતાં નિર્લેપ છે. પણ ઈ કાદવમાં નથી જ. એવો એનો અર્થ નથી. પાણી નિર્મળ છે. શીતળ છે. પણ એમાં પાણીમાં

મલીનતા થઈ જ નથી કોઈ અપેક્ષાએ એમ નથી. મલિનતા છે. પણ નિર્મળી ઔષધિ નાખવાથી એ નિર્મળતા પ્રગટે. મૂળમાં શીતળ છે સ્વભાવ. સ્વભાવનો નાશ નથી થયો પણ એ પુરુષાર્થ કરવાથી પ્રગટ થાય છે. શીતળતાનું લક્ષ રાખીને એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ને એને નિર્મળતા કરવાની બાકી રહે છે. એકલી દ્રવ્યદૃષ્ટિ થઈ એક જ ને એમાં કાંઈ હોતું જ નથી, તો સાધના તો શુદ્ધતાનો અનુભવ હોવો જોઈએ. તો જીવને સિદ્ધ દશાનો અનુભવ અત્યારે હોવો જોઈએ. સિદ્ધ દશાનો અનુભવ તો છે નહીં. જો અશુદ્ધતા ન જ હોય તો સિદ્ધ દશાનો અનુભવ હોવો જોઈએ. પર્યાય એટલે કોઈ અપેક્ષાએ જો અશુદ્ધતા ન હોય તો શુદ્ધતાનો અનુભવ હોવો જોઈએ. જીવને શુદ્ધતાનો અનુભવ તો છે નહીં. વસ્તુ સ્થિતિએ સ્વભાવ એનો નાશ નથી થયો. એની સ્વભાવ પર દૃષ્ટિ કરવાથી સાધના તૈયાર થાય છે. પણ ઈ એમ એની સાથે પર્યાયનું જો ધ્યાન ન રાખે તો તો સાધના થઈ શકતી જ નથી. યથાર્થ દ્રવ્યદૃષ્ટિ એને પ્રગટ થાય કે જેની સાથે સાધના હોય. જેની સાથે પર્યાયમાં અશુદ્ધતા છે. તેનું ધ્યાન તેને હોય છે કે આ પર્યાયમાં અશુદ્ધતા છે અને શુદ્ધતા પ્રગટ કરવાની બાકી છે. દ્રવ્યદૃષ્ટિએ 'હું પરિપૂર્ણ શુદ્ધ છું.' પણ પર્યાયમાં અશુદ્ધતા છે ઈ બે એને ધ્યાન રાખવાની હોય છે. બે વસ્તુને બરાબર યથાર્થ સમજે તો મુક્તિનો માર્ગ શરૂ થાય છે. ૯.

✽ પ્રશ્ન : સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત એમાં આવે?

● ઉત્તર : સમ્યક્ એકાંત, દ્રવ્યદૃષ્ટિથી હું મુક્તિમાં. સમ્યક્ એકાંત સહિત અનેકાંત સાથે હોય છે. સમ્યક્ એકાંત કોને કહેવાય? કે જેની સાથે અનેકાંત સાથે જ હોય, તો જ એ સમ્યક્ એકાંત કહી શકાય છે. ૧૦.

✽ પ્રશ્ન : એકવાર અનુભવથી સાધક થયા પછી નય, નિક્ષેપ, પ્રમાણની કાંઈ જરૂર હોય કે નહીં?

ઉત્તર : અનુભૂતિ સ્વાનુભતિ થાય, નિર્વિકલ્પ દશા થાય ત્યારે

એને નય નિક્ષેપના વિકલ્પ તૂટી જાય છે એ વખતે તો, જે વિકલ્પ રાગના વિકલ્પ હતા તે તૂટી જાય. હું એક છું, કે અનેક છું. અનેક જાતના જે વિકલ્પ આવે એ નયના, પ્રમાણના એ બધા વિકલ્પ છૂટીને આચાર્યદેવ કહે છે. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. પ્રમાણ અસ્ત થઈ જાય અને એકલો ચૈતન્યદેવ બિરાજે છે. જે જ્ઞાયકની પરિણતિની આનંદની દશામાં, ચૈતન્ય ચૈતન્યના સ્વરૂપમાં જે ઝૂલી રહ્યો છે આનંદમાં એ વખતે બધુ એને છૂટી જાય છે. વિકલ્પ છૂટીને પોતે સ્વરૂપનગરમાં વસી રહ્યો છે. એમાં ઝૂલી રહ્યો છે. એ વખતે બધું છૂટી જાય છે. પણ હજી એ વખતે કાંઈ વીતરાગ–પૂર્ણ વીતરાગ થયો નથી. વીતરાગ વસ્તુ દ્રવ્ય પોતે–દ્રવ્યમાં રાગ નથી. દ્રવ્ય વીતરાગ છે. પર્યાયમાં પૂર્ણ વીતરાગતા નથી. એટલે અંતર્મુહૂર્ત પછી ઉપયોગ બહાર આવે છે. ત્યારે એને ઉપયોગમાં નય–પ્રમાણ—એ બધા વિકલ્પ હોય છે. હજી સાધક દશા છે. સમ્યક્‌દર્શન થાય. એટલે પૂરી દશા સ્વરૂપની સંપૂર્ણ દશા નથી પણ હજી અધૂરું છે. ઉપયોગ બહાર આવે એટલે નય, પ્રમાણના વિકલ્પ આવે છે. દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર છે એટલે ઈ એને શુદ્ધ નય, વિકલ્પ વગરની શુદ્ધ પરિણતિ છે. પ્રમાણની અમુક પરિણતિ છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમે છે. પણ ઉપયોગ રૂપે એને નયપ્રમાણના વિકલ્પ સાથે આવ્યા વગર રહેતા નથી. શુદ્ધના વિચાર કરે, નય, પ્રમાણ વસ્તુનું સ્વરૂપ, દ્રવ્ય ગુણ પર્યાયના વિચારો આવે. અનેક પ્રકારના એને વિચારો આવે. સાધકદશા અધૂરી છે. હજી પર્યાય અધૂરી, અધૂરી પર્યાય પૂરી પર્યાય બધાના વિચારો આવે. હજી છઠ્ઠું સાતમું ગુણસ્થાન મુનિની દશા કેવી હોય? કેવળજ્ઞાન કેવું હોય? એ બધાના વિચારો પર્યાય અધૂરી છે. આચાર્યદેવ કહે છે ને! અરેરે! હજી પૂર્ણતા નથી થઈ એ અમે આ વ્યવહારમાં ઉભા છીએ. હજી આ પર્યાય અધૂરી છે. ખેદ છે કે એમાં આવવું પડે છે. પર્યાય અધૂરી છે એટલે નય પ્રમાણના વિચારો એને આવે છે. આવ્યા વગર રહેતા નથી. પૂર્ણ દશા નથી થઈ. સોળ વલું

સોનું થઈ ગયું એને કાંઈ જરૂરિયાત નથી. જે પૂર્ણ વીતરાગ થઈ ગયા એને તો પર્યાયમાં પૂર્ણ વીતરાગ ને વસ્તુ તો વીતરાગ સ્વરૂપ છે. પૂર્ણ શુદ્ધ આત્મા છે. પણ પર્યાયમાં પણ જે પૂર્ણ વીતરાગ થયા એને કાંઈ હોતું નથી. પણ જેને અધૂરાશ છે એને વચ્ચે સાધક દશા છે. લીનતા બાકી છે, ચારિત્ર દશા બાકી છે. માટે મુનિ હોય તો પણ તેને પણ નય પ્રમાણના વિચારો આવે છે. શાસ્ત્ર લખે, અનેક જાતના દેવ, ગુરુ, શાસ્ત્રના વિચારો હોય છે. પંચમહાવ્રતના પરિણામ હોય છે. તે નય પ્રમાણ વચ્ચે વસ્તુને જાણવા માટે નય, પ્રમાણ આવ્યા વગર રહેતા નથી વિકલ્પરૂપે. એની દૃષ્ટિમાં જ્ઞાયકને ગ્રહણ કર્યો એ પરિણતિ તો ચાલુ જ છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાન પ્રમાણે એની ચાલુ છે. ને ચોથા ગુણસ્થાનમાં ઈ એની દશા પ્રમાણે એની ચાલુ છે. એ એની લીનતા વધારે છે મુનિને, (સમ્યક્‌દૃષ્ટિને) અમુક લીનતા ઓછી છે. પણ શ્રદ્ધા અને જ્ઞાનને અમુક સ્વરૂપ આચરણ ચારિત્ર છે મુનિને વિશેષ છે. મુનિની દશા પ્રમાણે મુનિને પણ આ શ્રુતના વિચારો તો આવે છે. ૧૧.

**✻ પ્રશ્ન : નય, નિક્ષેપ ને પ્રમાણ અસ્ત થઈ જાય છે અનુભૂતિ કાળે ? અનુભૂતિ કાળે નય નિક્ષેપ પ્રમાણ અસ્ત થઈ જાય છે ? તો વિકલ્પ પણ અસ્ત થઈ જાય છે. નિર્વિકલ્પપણે તો ત્રણે અંશ હોય છે ને ત્યારે ?**

● ઉત્તર : નિર્વિકલ્પપણે એને શુદ્ધ પરિણતિ છે. જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. એ દૃષ્ટિ નિર્વિકલ્પપણે છે અને જ્ઞાન પોતાને જાણે છે, એ જ્ઞાન અનંત પોતાના ગુણોને જાણે છે. જ્ઞાન પર્યાયને પણ જાણે છે. જ્ઞાન પોતાની પરિણતિને જાણે છે, જ્ઞાન ગુણોને જાણે છે. એ એની જાણવાની પરિણતિ અને દૃષ્ટિ એક શુદ્ધ આત્મા ઉપર એવી જાતની પરિણતિ એની ચાલુ છે. નય ને પ્રમાણ. નિર્વિકલ્પપણે નિર્વિકલ્પ નય પ્રમાણ છે. એ અપેક્ષાએ કહી શકાય. બાકી જે આ શાસ્ત્રમાં આવે છે. નય, પ્રમાણ વિકલ્પાત્મક તે રીતે નથી હોતા. નયને અધ્યાત્મ

રીતે એની પરિણતિ છે એ જાતની. એક દ્રવ્ય ઉપર જ–દ્રવ્યનું આલંબન છે. એટલે વિકલ્પાત્મક નથી અને જ્ઞાન બધું જાણે છે. જ્ઞાન પોતે એક સ્વરૂપને જાણે, એક અભેદને જાણે. જ્ઞાન ભેદને જાણે. બધું જાણે છે. આનંદની દશાનું વેદન કરે. એને જ્ઞાન જાણે. અનંત ગુણો આત્માના. અનંત અનંત ગુણોની ગંભીરતાથી ભરેલો અનંત આશ્ચર્યકારી દ્રવ્ય છે. એની અદ્‌ભૂત પર્યાયો–એના અદ્‌ભૂત ગુણોની જે ગહનતા છે ઈ બધું જાણે. ઈ અદ્‌ભૂતતાને જ્ઞાન જાણે છે. ૧૨.

❀ બહેનશ્રી : દ્રવ્ય જો ચેતન દ્રવ્ય હૈ ઉસકે ઉપર દ્રવ્યદષ્ટિ કરના, ઉસમેં ભેદ ગૌણ હો જાતા હૈ. વિભાવરૂપ ભેદભાવ–ગુણભેદ, પર્યાયભેદ ગૌણ હો જાતા હૈ. એક દ્રવ્યકા વિષયમેં એક દ્રવ્ય આતા હૈ. ગુણ ભેદ પર્યાયભેદ ગૌણ હો જાતા હૈ. સબ જ્ઞાનમેં આતા હૈ. આત્મામેં અનંત ગુણ હૈ. પર્યાય હૈ. સબ દ્રવ્યકી દષ્ટિમેં એક દ્રવ્ય–અભેદ દ્રવ્ય આતા હૈ. દ્રવ્યકી દષ્ટિ એ એક આત્માકા અસ્તિત્વ હૈ. યે જ્ઞાન ગુણ હૈ, યે દર્શન ગુણ હૈ, યે ચારિત્ર ગુણ હૈ. એ ગુણ ભેદ ઉપર દષ્ટિ નહીં રહેતી. ઈસમેં રાગ હોતા હૈ. એ દ્રવ્ય જ્ઞાયક, જ્ઞાયક દ્રવ્ય હૈ ઉસકા અસ્તિત્વ ગ્રહણ કરે. એક દ્રવ્ય ઉપર દષ્ટિ કરે. ૧૩.

✻ **પ્રશ્ન : ખરેખર દ્રવ્યદષ્ટિનો વિષય એ શુદ્ધાશુદ્ધ પર્યાયથી રહિત નથી. પણ પ્રયોજનવશ ગૌણ કરીને કહેવામાં આવે છે ?**

● ઉત્તર : ગુણભેદ, પર્યાયભેદ ઈસમેં ગૌણ હો જાતા હૈ. એ સ્વભાવ નીકલ નહીં જાતા હૈ. દ્રવ્યમેં ગુણ નીકલ નહીં જાતા હૈ, ગુણમેં પર્યાય નીકળી નથી જાતી પણ દષ્ટિનો વિષય એક દ્રવ્ય ઉપર હોય છે એટલે આત્મામાં ગુણ નથી, પર્યાય નથી એવો એનો અર્થ નથી. દ્રવ્ય દષ્ટિનો વિષય એક દ્રવ્ય ઉપર જાય છે. અભેદ દ્રવ્ય ઉપર. એમ ભેદ ઉપર ઉસકી દષ્ટિ નહીં જાતી. દષ્ટિકે સાથમેં જ્ઞાન રહેતા હૈ, વો સબ વિવેક કરતા હૈ. દષ્ટિ કે સાથ સાથમેં રહતા હૈ. સમ્યક્‌દર્શન, સમ્યક્ જ્ઞાન દોનોં સાથમેં રહેતા હૈ. જ્ઞાન સબકો, અભેદકો જાને, ભેદકો જાને, સબકો જાનતા હૈ. દષ્ટિ એક દ્રવ્યકો

ગ્રહણ-દૃષ્ટિકા બળ હૈ. ઈસકા દૃષ્ટિકા બળ મુખ્ય રહેતા હૈ. પણ ઈ જ્ઞાન સાથમેં રહેતા હૈ. ૧૪.

✻ પ્રશ્ન : પરિણામ વિના દ્રવ્ય તો કભી રહતા નહીં હૈ ફિર ભી ઇસકો અપરિણામી કહેના ?

● ઉત્તર : અપેક્ષાએ અપરિણામી કહેવાય છે. પરિણામી ઔર અપરિણામી દોનોં હી હૈ. એના વગર રહેતા નહીં હૈ. અપરિણામી ઈસકો એક અપેક્ષાએ ઈસમેં કોઈ પરિણામકા ભેદ નહીં પડતા હૈ. એક દ્રવ્ય-એક અખંડ દ્રવ્યકી દૃષ્ટિસે અપરિણામી કહેતે હૈ. પરિણામ નીકલ નહીં જાતા હૈ. પરિણામી હૈ આત્મા. પરિણામ નથી એમાં એવું નથી. પરિણામ સહિત દ્રવ્ય છે. દ્રવ્ય અનાદિ અનંત એક સરખું દ્રવ્ય છે. એક સરીખા રહેતા હૈ ઈસલિયે ઉસે અપરિણામી કહેનેમેં આતા હૈ. દ્રવ્યમેં કોઈ પલટન નહીં. દ્રવ્ય એક સરીખા રહેતા હૈ. દ્રવ્યદૃષ્ટિસે એક સરીખા અપરિણામી કહેનેમેં આતા હૈ. પર્યાય દૃષ્ટિ પરિણામી કહીએ. પરિણામી અપરિણામી દોનોં હૈ. પરિણામ જિસમેં હૈ હી નહીં ઐસા નહીં હૈ. કુછ હૈ હી નહીં. કલ્પિત હૈ ઐસા નહીં. પરિણામ ભી હૈ. તભી પરિણામ હોતા હૈ. ગુણકા કાર્ય રહેતા હૈ. અનંત પર્યાય રહેતી હૈ. સિદ્ધ ભગવાનમેં ભી પરિણામ હોતા હૈ. દ્રવ્ય પરિણામી અપરિણામી. દ્રવ્યદૃષ્ટિસે અપરિણામી હૈ. ૧૫.

❀ બહેનશ્રી : દ્રવ્યાર્થિક ચક્ષુસે જોઈએ તો બધું દ્રવ્ય જ દેખાય. પર્યાયાર્થિકને ગૌણ કરી એ ચક્ષુ બંધ કરે. અનાદિકાળથી જીવોને પર્યાય ઉપર દૃષ્ટિ છે. એવી દૃષ્ટિને બંધ કરીને દ્રવ્ય ઉપર જુએ તો દ્રવ્ય જ દેખાય. એટલે પર્યાય એમાં નથી એવો એનો અર્થ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ અનાદિકાળથી કરી નથી. દ્રવ્ય અનાદિ શાશ્વત છે. આત્મામાં અનંત શક્તિઓ છે. આત્મા અનંત ગુણથી ભરેલો એ દ્રવ્ય શાશ્વત ને આત્માએ કોઈ દિવસ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી નથી અને પર્યાય તરફ જ દૃષ્ટિ કરી છે માટે તું દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર તો દ્રવ્ય જ દેખાય. દ્રવ્યની દૃષ્ટિમાં દ્રવ્ય દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિની

મુખ્યતાથી આગળ જવાય છે. પણ એટલે એમાં પર્યાય નથી એવો એનો અર્થ નથી. પર્યાયનું જ્ઞાન ન કરવું એવો એનો અર્થ નથી. વસ્તુ સ્વરૂપ જેમ છે એમ જાણવાથી મુક્તિનો માર્ગ યથાર્થ સધાય છે. જેમ છે એમ જાણવું જોઈએ કે પર્યાયમાં વિભાવ છે. પર્યાય જે અનાદિકાળથી પર્યાય છે જ નહીં એવું નથી. વિભાવ જો હોય જ નહીં તો એને ટાળવાનો ઉપાય શું કરવામાં આવે? તો કરવાનું જ રહેતું નથી. પર્યાય છે. પર્યાયમાં વિભાવ થાય છે, પણ એને ટાળવા માટે દ્રવ્ય પર દૃષ્ટિ કરે, એનું ભેદજ્ઞાન કરે તો આગળ જવાય છે કે 'હું ચેતન અનાદિ શાશ્વત છું.' એટલે કે દ્રવ્યમાં કાંઈ પર્યાય જ નથી. શુદ્ધ પર્યાય થાય છે તે દ્રવ્ય પર દૃષ્ટિ કરવાથી શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે અને અંદર સાધના દર્શન જ્ઞાન ચારિત્ર રત્નત્રય પ્રગટ થાય છે. સમ્યક્દર્શન દ્રવ્ય પર દૃષ્ટિ કરવાથી થાય પણ એમાં જ્ઞાન બધું હોવું જોઈએ. સમ્યક્દૃષ્ટિની સાથે સમ્યક્જ્ઞાન હોય છે. સમ્યક્જ્ઞાનમાં બધું જણાય છે. આ દ્રવ્ય છે. આ ગુણ છે. આ પર્યાય છે. આ અશુદ્ધ પર્યાય છે આ શુદ્ધ પર્યાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ એટલે એને પર્યાયને કાઢી નાખવાની નથી. દ્રવ્ય ઉપર દ્રવ્યાર્થિક ચક્ષુથી દ્રવ્ય પછી એમાં આવે છે કે એમાં પર્યાયાર્થિક ચક્ષુથી જોવામાં આવે તો પર્યાય દેખાય છે. પર્યાય નથી એવો એનો અર્થ નથી. (શ્રોતા : બરાબર પરમ સત્ય છે.) દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને પર્યાયનું જ્ઞાન કર. પર્યાયમાં જે એકત્વબુદ્ધિ, દ્રવ્ય ભૂલી ગયો છે. એ દ્રવ્યને ઓળખ. પર્યાયને ગૌણ કરીને આગળ જાય. પર્યાયનું જ્ઞાન હોય કે હું દ્રવ્ય છું. એમાં ગુણો છે. પર્યાય છે. વિભાવ પર્યાય, સ્વભાવ પર્યાય-ભેદજ્ઞાન કરે એટલે અંદર સમ્યક્દર્શનની પર્યાય પ્રગટ થાય છે. સમ્યક્દર્શનની પર્યાય એ પણ પર્યાય છે. અંદર ચારિત્રની પર્યાય થઈ એ પણ પર્યાય છે. સુખનું વેદન પોતાને થાય છે. પર્યાય એમાંથી કાઢી નાખવાનો અર્થ નથી. પણ એમાં સર્વસ્વ માન્યું છે. દ્રવ્યને ભૂલી ગયો છે. દ્રવ્યને ઓળખ. દ્રવ્ય પર દૃષ્ટિ કર એમ કહેવાનું છે. દ્રવ્યને મુખ્ય કરી

પર્યાયને ગૌણ કર. પણ સાધકદશામાં પર્યાય—મુનિદશા પ્રગટ થાય, ચારિત્ર દશા પ્રગટ થાય. એ બધું પર્યાય છે. દ્રવ્ય પર દૃષ્ટિ કરવાથી શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે. ૧૬.

✻ પ્રશ્ન : કોઈ જગ્યાએ ગુરુદેવે એમ કહ્યું કે દ્રવ્યને મુખ્ય કર અને આ પ્રવચનસારમાં એમ કહ્યું કે પર્યાયચક્ષુ બંધ કર એ એમાં કઈ અપેક્ષાનું કારણ છે ?

● ઉત્તર : ગુરુદેવનો કહેવાનો એમ છે યથાર્થ. એમ પ્રવચનસારમાં એમ આવે છે કે દ્રવ્યાર્થિક દૃષ્ટિથી જોવાથી દ્રવ્ય દેખાય છે. એ પર્યાય ચક્ષુને બંધ કર એટલે પર્યાયચક્ષુનું જ્ઞાન ન કર એવો એનો અર્થ નથી. પર્યાય તરફનું જોવાનું બંધ કર અને દ્રવ્ય પર દૃષ્ટિ કર એમ કહ્યું છે એટલે એને કાઢી નાખવો એવો અર્થ નથી. ગુરુદેવે તો બધી વાત કરી છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. દ્રવ્યને જો. પર્યાયનું જ્ઞાન કર, બધું ગુરુદેવમાં તો આવે છે. ને વાણીમાં બધું આવે છે. જો એકાંત કરીશ તો પછી શુષ્ક થઈ જઈશ એમેય ગુરુદેવની વાણીમાં તો આવે છે. તો પુરુષાર્થ શેનો કરવાનો ? એમેય આવે છે ગુરુદેવની વાણીમાં, બધું આવે છે. એમાં મેળ કરવાનો રહે છે. અનાદિકાળથી પર્યાય ઉપર દૃષ્ટિ થઈ છે. એ પર્યાયચક્ષુ બંધ કરી, દ્રવ્ય પર જો એમ. ૧૭.

✻ પ્રશ્ન : પર્યાયચક્ષુ બંધ કરીએ એમ સિદ્ધ થાય છે કે પર્યાય નથી?

● ઉત્તર : પર્યાય તો છે જ. પર્યાય નથી એમ નથી. પર્યાય નીકળી નથી જતી. એના ઉપર દૃષ્ટિ કર. દ્રવ્ય પર દૃષ્ટિ કરવાથી દ્રવ્ય દેખાય છે. પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાય દેખાય છે. એનો મેળ કર, દ્રવ્ય શું સ્વભાવે છે ? પર્યાયનો શું સ્વભાવ છે ? દ્રવ્યની મુખ્યતા કરીને પર્યાયને ગૌણ કરીને જ્ઞાનમાં બધું જાણી ને સાધના કર એમ કહે છે. ૧૮.

✻ પ્રશ્ન : શુદ્ધનયનો વિષય ત્રિકાળી દ્રવ્ય નિષ્ક્રિય એટલે શું ?

● ઉત્તર : શુદ્ધનયનો વિષય ત્રિકાળી નિષ્ક્રિય એટલે એમાં એક પરમ પારિણામિક ભાવ. દ્રવ્ય અનાદિ અનંત છે. એના ઉપર દૃષ્ટિ કર એમ, શુદ્ધનયનો વિષય તો પરમ પારિણામિક ભાવ છે. નિષ્ક્રિય એટલે એમાંથી એ બધામાં એક જ છે એમાંથી પર્યાય નીકળી નથી જાતી. તું એક સ્વરૂપ આત્મા છે. એના ઉપર દૃષ્ટિ કર એમ જ કહેવું છે. એમાં પર્યાય છે. પણ તું દ્રવ્યને ઓળખતો નથી એના પર દૃષ્ટિ કર. એક શુદ્ધનયનો વિષય એક દ્રવ્યની મુખ્યતાથી. નિષ્ક્રિય એક દ્રવ્ય દૃષ્ટિ એમાં કોઈ જાતના ફેરફારો નથી. ફેરફાર વગરનો એક દ્રવ્ય અનાદિ અનંત છે. એને તું ઓળખ એમ કહેવું છે. એટલે એમાં કાંઈ પર્યાયની પરિણતિ કે એમાં કોઈ કાર્ય જ નથી થાતું એવો એનો અર્થ નથી હોતો. પર્યાયની સિદ્ધ ભગવાનમાં પરિણતિ છે. સિદ્ધ ભગવાનમાં પણ પર્યાયો થાય છે. એમાં પણ જ્ઞાનની, દર્શનની ચારિત્રની બધી પર્યાયો સિદ્ધ ભગવાનમાં છે. એમાંથી નીકળી નથી જતી પર્યાયમાંથી. દ્રવ્ય, ગુણ, પર્યાય એ વસ્તુનું સ્વરૂપ છે. એ એક દ્રવ્યને તું ઓળખ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. દ્રવ્યનું આલંબન લે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, એનું આલંબન લેવાથી એના ઉપર જોર આવે છે. જે પર્યાય પલટાય છે એના ઉપર જોર-એના ઉપર આશ્રય લેવાતું નથી. આશ્રય દ્રવ્ય જે અનાદિ અનંત જે શાશ્વત સ્થિર છે એનો આશ્રય લેવાય છે. જે પલટાયા કરે એનો આશ્રય લેવાતો નથી. પર્યાય એમાં નીકળી નથી જતી. સિદ્ધ ભગવાનમાં પરિણમન થાય છે. કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાન, દર્શન, ચારિત્ર એ બધી પર્યાયો સિદ્ધ ભગવાનમાં છે. પર્યાય વગરનું દ્રવ્ય છે જ નહીં. પર્યાય વગરનું દ્રવ્ય હોતું જ નથી. પણ પર્યાયને મુખ્ય કરીને દ્રવ્યને ભૂલી જાય છે. અનાદિકાળથી પર્યાયની મુખ્યતા કરી દ્રવ્ય ભૂલી ગયો એટલે જેનો આશ્રય લેવાય છે એ આશ્રયભૂત જે દ્રવ્ય છે એ દ્રવ્યને ભૂલી ગયો માટે દ્રવ્યની મુખ્યતા કરી ને દ્રવ્યનો આશ્રય લે. એમાં આશ્રય

પર્યાયનો લેવાતો નથી. પર્યાયને ખ્યાલમાં રાખ. એનું જ્ઞાન કર. ૧૯.

✻ શ્રોતા : પર્યાયને ગૌણ કરે તો પર્યાય ક્યાંય જતી નથી.

● ઉત્તર : પર્યાય ક્યાંય વઈ જતી નથી વસ્તુમાંથી. વિભાવ છૂટી જાય છે. એ કાંઈ વિભાવ પોતાનો સ્વભાવ નથી પણ શુદ્ધ પર્યાય તો પોતામાં રહે છે. ચૈતન્ય વસ્તુનું સ્વરૂપ કોઈ અદ્‌ભૂત છે, આશ્ચર્યકારી છે. એનો મેળ કરીને સમજવું. તો જ એ મુક્તિનો માર્ગ યથાર્થપણે સધાય છે. એક પડખું સમજવાથી બીજું પડખું સમજે જ નહીં અને કાઢી નાખે તો યથાર્થતા આવતી નથી. ક્યાં જોર દેવાનું? ક્યાં ગૌણ કરવાનું? એ વસ્તુનું સ્વરૂપ એને કાઢી નહીં નખાય. દ્રવ્યની દૃષ્ટિથી સ્વભાવ સધાય છે. પણ એમાં શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે. એનું વેદન પોતાને થાય છે. એ શુદ્ધ પર્યાય ચૈતન્યથી જુદી નથી કે ઈ સર્વાંશે એ બધી જગ્યાએ જુદી જ હોય. કે ઈ બીજા દ્રવ્યની માફક જુદી, અદ્ધર છે એવું નથી. ચૈતન્યના આશ્રયે જ પર્યાય પ્રગટ થાય છે. ને ચૈતન્યને જ એનું વેદન થાય છે શુદ્ધ પર્યાયનું. આગલી પર્યાય. એ તો વિભાવ પર્યાય છે. ક્ષેત્ર તો એનું એ ક્યાં જુદું હતું વિભાવનું? વિભાવ પોતાનો સ્વભાવ નથી. એ નિમિત્ત જડ છે. બાકી જે ચૈતન્યમાં પર્યાય થાય એ કાંઈ બીજા ક્ષેત્રમાં નથી. રાગને કરે એ. અપેક્ષાએ કહેવાય છે. નિમિત્તથી થાય એટલે જડકર્મના નિમિત્તે થાય માટે તેનું ક્ષેત્ર જુદું એમ કહેવાય. એ પણ કાંઈ જડમાં—બધી રીતે કાંઈ જડમાં નથી થાતી. પોતાની રાગની પર્યાય તો પોતે એને ટાળી શકે નહીં જડમાં થાતી હોય તો. પોતાને રાગની પર્યાયનું વેદન થાય છે આ તો ઈ જડ છે કંઈ? પોતાનો સ્વભાવ નથી માટે ઈ અપેક્ષા એને કર્મના નિમિત્તે થઈ માટે એને પુદ્‌ગલ ઉપર નાખીને પુદ્‌ગલ કહેવામાં આવે છે. બધી રીતે એ કાંઈ જડના ક્ષેત્રમાં થાતી નથી. પોતે પોતાની પરિણતિમાં થાય છે અને પોતે ટાળી શકે છે. એનો સ્વભાવ ભેદ છે. સ્વભાવ ભેદ છે. એટલે એને બીજા ક્ષેત્રનું કહેવાય. બીજા ક્ષેત્રનું કહેવાય. પણ બધી રીતે બીજા ક્ષેત્રની નથી. પોતાની પર્યાય

પોતામાં વિભાવ પર્યાય થાય છે. ૨૦.

**✻ પ્રશ્ન : દ્રવ્યની કોટિ ઊંચી છે. પર્યાયની કોટી હીન છે. એ જ્ઞાનની અપેક્ષાએ કહેવાય છે કે વસ્તુની અપેક્ષાએ ?**

● ઉત્તર : એમાં અપેક્ષાએ ખરું પણ દ્રવ્ય તો ઊંચું જ છે. દ્રવ્ય શાશ્વત છે. અનાદિ અનંત છે. દ્રવ્યમાં અનંત ગુણો છે ને પર્યાય તો ક્ષણિક છે. માટે દ્રવ્યની કોટી ઊંચી છે. દ્રવ્ય અનંતા ગુણથી ભરેલો, અનંત શક્તિઓથી ભરેલો, પર્યાયોની શક્તિ પણ એમાં છે. અનંત ગુણોની શક્તિ પણ એમાં છે. માટે દ્રવ્ય ઊંચું છે. માટે પર્યાય જે પરિણમે છે. એ પર્યાય ક્ષણે ક્ષણે પરિણમતી હોય છે. માટે દ્રવ્યની કોટી ઊંચી, પર્યાયની કોટી નીચી એ અપેક્ષાએ છે. બાકી પર્યાયનું વેદન થાય છે. પર્યાયનું વેદન થાય, દ્રવ્યનું વેદન નથી. દ્રવ્ય દૃષ્ટિમાં આવે છે અને પર્યાય વેદનમાં આવે છે. માટે પર્યાયની—જે કેવલજ્ઞાન થાય તે પ્રગટ થાય એટલે પૂજનીકતા, વંદનીય. એમ પર્યાય એવી રીતે થાય છે. પણ દ્રવ્યની કોટી ઊંચી આ રીતે છે. દ્રવ્યમાં અનંત અનંત શક્તિઓ ભરેલી છે અને દ્રવ્યની દૃષ્ટિ કરવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે. દ્રવ્યદૃષ્ટિ વગર મુક્તિનો માર્ગ શરૂ થતો નથી. માટે દ્રવ્ય શક્તિ અનંત છે. દ્રવ્યની દૃષ્ટિથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે માટે દ્રવ્યની કોટી ઊંચી છે એ અપેક્ષાએ. કોઈ વાર પર્યાય પ્રગટ વેદનમાં આવે. પર્યાય પ્રગટ થાય ત્યારે દ્રવ્ય જેવું હોય એવું પોતાને વેદનમાં આવે માટે કોઈ વાર પર્યાયની મુખ્યતા કહેવાય. પણ વસ્તુસ્થિતિ દ્રવ્યની કોટી ઊંચી એમ અપેક્ષાએ. પર્યાયો કોઈ વાર વેદનમાં આવે માટે અપેક્ષાએ પર્યાયની વાત કહેવાય પણ દ્રવ્યની વસ્તુસ્થિતિએ દ્રવ્યની કોટી ઉંચી છે. ૨૧.

**✻ પ્રશ્ન : નિરપેક્ષ જ્ઞાન કહેવાય કે આપશ્રી વારંવાર કહો છો કે દેવગુરુને અંતર હૃદયમાં સ્થાપીને પુરુષાર્થ ચાલુ રાખો. એ ભગવાન શ્રી કુંદકુંદ આચાર્ય કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને જોવાની આંખ બંધ કરી દો એટલું બસ નથી. પર્યાયને જોવાની આંખ બંધ**

કરી ધો. કેવી રીતે કહે છે એ?

● ઉત્તર : એમાં એમ છે કે પોતે જે આગળ વધે છે. એમાં દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખે! એટલે દેવ, ગુરુ, શાસ્ત્ર શું કહી રહ્યા છે? એમણે શું માર્ગ બતાવ્યો છે? ઈ બધો હૃદયમાં રાખી અને એનો આશય ગ્રહણ કરી અને મુક્તિમાં પ્રયાણ ચાલુ રાખો, એટલે તમે શુભભાવમાં અટકી જાવ એવો અર્થ એનો નથી. પોતે જ્યારે દ્રવ્યદૃષ્ટિ કરીને સ્વરૂપમાં લીન થતો હોય તો પણ ઈ શુભ વિકલ્પમાં અટકી જાય એવો એનો અર્થ નથી. એ તો દેવ, ગુરુ, શાસ્ત્ર જ બતાવી ગયા છે કે શુભ વિકલ્પ છે એ તો વિભાવ છે. માટે તું બધાથી નિરાળો નિર્વિકલ્પ તત્વ છો. માટે મારી ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી લો. ભાવ રાગનો છોડી દે અને વીતરાગ થઈ જાવ, એમ દેવ, ગુરુ, શાસ્ત્ર પોતે બતાવી રહ્યા છે. માટે દૃષ્ટિ તો એવી વીતરાગી નિર્વિકલ્પ દૃષ્ટિ કરવાની. પણ સાધક છે એને કંઈ પહેલાથી વીતરાગતા પૂરી થઈ જાતી નથી અને બહાર ઉપયોગ તો આવે છે. ભેદજ્ઞાનની ધારા ચાલતી હોય તો એને શુભના વિકાર, અનેક જાતના વિકલ્પમાં રોકાયેલો હોય છે. માટે શુભ ભાવમાં દેવ ગુરુ શાસ્ત્રને તારે હાજર રાખવા કે તું તારી મેળાએ એ તારી મતિ કલ્પનાથી માર્ગને શોધીશ નહીં. દેવ, ગુરુ, શાસ્ત્ર શું કહી રહ્યા છે? એનો આશય સમજીને તું માર્ગમાં ચાલ એમ એનું કહેવું છે. મુક્તિના પ્રયાણ ચાલુ રાખજે. દેવ, ગુરુ, શાસ્ત્રનો આશય સમજી અને પછી તારા સ્વભાવ સાથે મેળવી તારી પોતાથી નિર્ણય કરી, નક્કી કરી અને મુક્તિના પ્રયાણ ચાલુ રાખજે એમ અહીંયા કહેવું છે. તારી મતિ કલ્પનાથી તું માર્ગમાં ચાલ એમ ચાલતો નહીં. એમ એમનું કહેવું છે.

પર્યાય ઉપરથી દૃષ્ટિ છોડી, ભેદના વિકલ્પ 'હું શુદ્ધ છું કે અશુદ્ધ છું' એ નય પક્ષો પણ જેમાં છૂટી જાય છે. ભેદના વિકલ્પ છૂટી જાય, પર્યાય ઉપર દૃષ્ટિ રહેતી નથી. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ જાય છે. માટે ઈ તો મુક્તિનો માર્ગ છે. દેવ, ગુરુ, શાસ્ત્રએ બતાવેલો

છે. એને હૃદયમાં રાખજે. એટલે શું કીધું છે? દેવ, ગુરુ, શાસ્ત્ર શું કહી ગયા છે? એ આશય સમજીને તું મુક્તિના માર્ગે પુરુષાર્થ ચાલુ રાખજે. શ્રેણી ચડે છે ગુણસ્થાનમાં–બારમેં ગુણસ્થાને ક્ષપક શ્રેણી ચડે છે. ત્યારે વિકલ્પ આવે છે. દ્રવ્યશ્રુત–દ્રવ્યના, ગુણના, પર્યાયના બધા શ્રુતના વિકલ્પ આવે છે. એ હવે વિકલ્પ તૂટીને એકાગ્ર થઈ જાય ત્યારે કેવળજ્ઞાન થાય, પણ એ શ્રુતના વિકલ્પો એવી જાતના હોય છે કે એ શ્રુતમાં વસ્તુસ્થિતિને અનુસાર હોય છે. બીજી જાતના નથી હોતા એટલે જે માર્ગે મહાપુરુષો ચાલ્યા એ માર્ગે તું ચાલજે એવો એનો અર્થ છે. ૨૨.

❀ બહેનશ્રી : દ્રવ્યદૃષ્ટિ પ્રધાનરૂપે છે પણ એની સાથે બધો મેળ હોવો જોઈએ. શ્રીમદ્ કહે છે ને "ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેન જ્ઞાન, અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજ ભાન." ત્યાગ વિરાગ કરે એમાં અટકી જાય તોય મોક્ષ નહીં. અને ચિત્તમાંથી ગયો ત્યાગ વિરાગ તો ય મુક્તિ નહીં, એવું છે. ચિત્તમાં તો રાખ. દ્રવ્યદૃષ્ટિ પ્રધાન છે એને કર્યા વગર જીવ રહેતો નથી. પણ એની સાથે બધો મેળ થવો જોઈએ. બધું કાઢી નાખે, એમાંથી સાધક દશાએ કાઢી નાખે તો પછી કરવાનું શું રહે? સાધ્ય પર દૃષ્ટિ ને સાધક દશા સાધવાની રહે છે. ઈ ભેગુ આવવું જોઈએ જ્ઞાનમાં. દ્રવ્ય સાથે પર્યાયનો મેળ આવવો જોઈએ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ને પર્યાયની શુદ્ધિ કેવી રીતે થાય એનો પુરુષાર્થ, પરિણતિની શુદ્ધિ થાય એ બધો મેળ હોવો જોઈએ. જેને દર્શનશુદ્ધિ થાય એની સાથે પછી બધી મેળવણતા થાવી જોઈએ. ચિત્ત ભીંજાયેલું હોવું જોઈએ. સ્થિર થાય ત્યાં સુધી એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાનો પ્રયત્ન થાય. એની સાથે બધી જાતના પડખા હોવા જોઈએ. યથાસ્થાને શુભભાવ વર્તે, શુભભાવ. પણ દ્રવ્ય-જ્ઞાયકની દૃષ્ટિ કરવાનો પ્રયત્ન જ્ઞાયકનો. એ બધું સાથે હોય પણ એ એમાં ટકી ન શકે તો શુભભાવ આવ્યા વગર રહેતો નથી. જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે અને દ્રવ્યદૃષ્ટિ થાય, સમ્યક્દર્શન થાય તોય વચ્ચે શુભભાવ આવ્યા

વગર રહેતો નથી. તો પહેલાં તો આવવાનો જ. તો અનાદિ કાળથી એમાં રોકાઈ ગયો છે. તું રોકાઈ જામાં. શુભભાવમાં રોકાઈ ગયો અને દ્રવ્ય પર દૃષ્ટિ કરી નથી એટલે એને આત્માની સ્વાનુભૂતિ થઈ નથી. એમાંથી નીકળે જ નહીં. આમ સહજ છે. પોતે પોતાનો સ્વભાવ સહજ છે પણ એની શુદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. રહેવાનું તો અંતરમાં છે પણ એનો પ્રયત્ન નથી કર્યો. તેમાં પર્યાય ક્ષણિક પણ ઈ પર્યાયની શુદ્ધિ પછી થાય છે તેનું ધ્યાન રાખજે સાધકદશા વખતે. તો એમાં કેવળજ્ઞાન થાય તો વીતરાગતા પ્રગટ થાય. એ બધો ક્રમ છે. કંઈ દ્રવ્યદૃષ્ટિ થયા ભેગી એકદમ કાંઈ વીતરાગતા આવી જતી નથી. થાય એને અંતરમુહૂર્તમાં થાય પણ તોય એને ક્રમ પડે છે. ન થાય તો તેને અમુક ક્રમ પડે છે. ૨૩.

✻ પ્રશ્ન : નય ને પ્રમાણ કાયમ સાથે જ હોય છે?

● ઉત્તર : જે પરિણતિરૂપ છે એ તો કાયમ સાથે જ છે. ૨૪.

✻ પ્રશ્ન : બન્નેના વિષય ભિન્ન ભિન્ન છે, તેમાં કાંઈ વિરોધ નથી હોતો?

● ઉત્તર : નય વિકલ્પાત્મક છે. નયના વિચાર કરે તો પ્રમાણ, નયને ક્રમભેદ પડે વિકલ્પાત્મક. પણ જ્યાં પરિણતિરૂપ જે સહજ છે એને કંઈ ક્રમભેદ નથી હોતો. બધું સાથે છે. ૨૫.

✻ પ્રશ્ન : અનુભવના કાળે કેવી રીતે થાય?

● ઉત્તર : અનુભવમાં જે શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ એની અપેક્ષાએ શુદ્ધનય કહેવાય છે અને દ્રવ્ય પર્યાય બેયની અનુભૂતિ છે માટે પ્રમાણ પણ કહેવાય છે. નય પણ કહેવાય ને એને પ્રમાણ પણ કહેવાય છે. દ્રવ્ય ને પર્યાય બે સાથે છે. માટે ઈ પ્રમાણ છે. એ પ્રમાણજ્ઞાન સાથે હોય છે. જ્ઞાન પણ કામ કરે છે ને દૃષ્ટિ પણ નિર્વિકલ્પણે એમજ કામ કરે છે. માટે પ્રમાણજ્ઞાનની અનુભૂતિ તેને શુદ્ધનય કહેવાય છે. શુદ્ધ પર્યાય પ્રગટ થઈ. શુદ્ધતાનો વિષય ગ્રહણ કર્યો. એ રૂપે પરિણતિ છે. માટે શુદ્ધ નય કહેવાય. શુદ્ધ અનુભૂતિની

માટે. એને પ્રમાણ કેવળજ્ઞાન પ્રગટ થયું એને પ્રમાણ પણ કહેવાય છે. કેવળજ્ઞાન સ્વરૂપ થઈ ગયું. દ્રવ્ય ને પર્યાય બધું જેટલું ને જેમ છે તેવી પર્યાય પૂરી થઈ તેથી કેવળજ્ઞાનને પ્રમાણ કહેવાય છે. તે સાથે નય તો છે જ સાથે, પણ નિર્વિકલ્પ રૂપે છે. અનુભૂતિમાં પણ નય ને પ્રમાણ સાથે જ હોય છે. સવિકલ્પ ધારામાં જેટલી પરિણતિ પ્રગટ થાય એમાંય નય ને પ્રમાણ સાથે હોય છે. ૨૬.

✻ પ્રશ્ન : ઈ અનુભવ થાય ત્યારે સાચું પ્રમાણ લાગુ પડે? સાચું પ્રમાણજ્ઞાન !?

● ઉત્તર : અનુભવ થાય ત્યારે લાગુ પડે ને, સવિકલ્પ—એની બહાર ઉપયોગ છે. તેનું જ્ઞાન કામ કરે છે. દ્રવ્ય પર દૃષ્ટિ છે. અને જ્ઞાન સાથે 'આ જે વિભાવ આવે તે હું નથી. હું ચૈતન્યરૂપ છું. હું આ નથી. હું ચૈતન્યરૂપ છું' એવી જાતની ભેદજ્ઞાનની ધારા ચાલ્યા કરે છે. જેટલી શુદ્ધ પર્યાય જેટલી સવિકલ્પતામાં જેટલી ભૂમિકામાં ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે એને જ્ઞાન જાણે છે. જાણવાનું કાર્ય સાથે જ છે. દ્રવ્યને પણ જાણે છે. પર્યાયને પણ જાણે છે. જાણવાનું કામ સાથે જ છે. ૨૭.

✻ પ્રશ્ન : એટલે અનુભવ પછીનું પ્રમાણ જ્ઞાન કહેવાય.

● ઉત્તર : હા અનુભવ પછીનું. ૨૮.

✻ પ્રશ્ન : એ પહેલા તો પ્રમાણ જ્ઞાન તો કહેવાય જ નહીંને?

● ઉત્તર : અનુભવ પછી ખરો તો પ્રમાણ અને નય ત્યારે જ લાગુ પડે છે (ત્યારે જ છે.) અનુભવ થયો પછી ભલે સવિકલ્પમાં હો કે નિર્વિકલ્પમાં અનુભવ પછી. ત્યારે સાચું પ્રમાણ અને સાચી નય લાગુ પડે છે ત્યારે પહેલા તો એને વિકલ્પ બધો નિશ્ચય વિચાર કરે છે. ત્યાર પહેલા તો. પ્રમાણને સાચી પરિણતિ કે સાચી નયની પરિણતિ ત્યાર પહેલા પ્રગટ થઈ નથી. માત્ર એ અભ્યાસ કરે છે. આમાં નય ને પ્રમાણ સાથે જ હોય છે. અને નિર્વિકલ્પમાં તો નિર્વિકલ્પનય છે. ૨૯

✻ શ્રોતા : નય ને પ્રમાણથી રહિત છે નિર્વિકલ્પ છે.

● ઉત્તર : નિર્વિકલ્પ એને અપેક્ષાએ, શાસ્ત્રમાં શુદ્ધનય કહો, શુદ્ધ અનુભૂતિ કહો. એને પ્રમાણ કહો, કહેવાય છે, નિર્વિકલ્પનય છે. ૩૦

✻ પ્રશ્ન : પ્રમાણના વિષયનું દ્રવ્ય લઈએ તો કથંચિત કૂટસ્થ ને કથંચિત્ પરિણામી કહીએ, પણ જે ધ્રુવત્વ ભાવ છે એને પણ કથંચિત કૂટસ્થ ને કથંચિત પરિણામી કહેવાય?

● ઉત્તર : દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર જાય છે એમાં કોઈ ભેદ નથી પડતો. એટલે દૃષ્ટિની અપેક્ષાએ તો જ્ઞાન-દૃષ્ટિ જ્યાં જાય ત્યાં જ્ઞાન સમ્યક્ હોય છે. દૃષ્ટિ ને જ્ઞાન બે સાથે જ હોય છે. એકલી દૃષ્ટિ હોય તો દૃષ્ટિ સમ્યક્ થાતી જ નથી. દૃષ્ટિનો વિષય જ એવો છે કે એક ઉપર દૃષ્ટિ કરે. જ્ઞાનનો વિષય એવો છે કે ઈ બેયને જાણે. પણ દૃષ્ટિ સમ્યક્ ત્યારે થાય કે જ્ઞાન એની સાથે હોય તો. જ્ઞાન બીજું કામ કરે અને દૃષ્ટિ બીજું કામ કરે? જ્ઞાન મિથ્યા હોય ને દૃષ્ટિ સમ્યક્ હોય એવું બને નહીં. એ પ્રમાણ જ્ઞાન એટલે કાંઈ પ્રમાણજ્ઞાન કાંઈ ખોટું નથી. એ યથાર્થ જ્ઞાન છે. દૃષ્ટિ-સમ્યક્ દૃષ્ટિનો વિષય એવો છે કે એક ઉપર-દૃષ્ટિ એક જ ઉપર હોય છે. જ્ઞાન એનો વિવેક કરે છે બેય પડખાનો. બેય પડખાનો વિવેક સાથે જ હોય છે સાધકદશામાં. સાધકદશામાં બેય વિવેક ન હોય તો એની સાધકદશા જ ખોટી થાશે. એક ઉપર દૃષ્ટિ કરે એમાં કાંઈ ચારિત્રદશા કે કેવળજ્ઞાન એ કાંઈ નહીં થાય અને એક દૃષ્ટિ તો સમ્યક્ દર્શન જ્યાં થયું ત્યાં બધું પુરુ જ થઈ જાશે. હજી સાધક દશા અધૂરી છે. જ્ઞાન બધો વિવેક કરે છે. દૃષ્ટિને પૂજનીક કહેવામાં આવી. તો પછી જો એને પ્રમાણ ને નય પૂજનીય કહો તો આ જે બધી પર્યાયો ચારિત્રની પર્યાયો, કેવળ જ્ઞાનની પર્યાયો કોઈ પૂજનીક નહીં થાય. મુક્તિના માર્ગમાં જે દૃષ્ટિ મુખ્ય છે માટે એને પૂજનીક કે મુક્તિનો માર્ગ એનાથી શરૂ થાય માટે એ પૂજનીક કહીને એને ગૌણ કરવામાં આવે છે પણ વ્યવહારમાં તો કેવળજ્ઞાન ને કેવળદશા, વીતરાગ સર્વજ્ઞદેવ એ જે સાધકદશા

પુરુષાર્થ પ્રગટ કરે એ બધું પૂજનીક કહેવામાં આવે છે. મુનિદશા પૂજનીક કહેવામાં આવે છે. માટે દૃષ્ટિ ને જ્ઞાન બે સાથે જ હોય છે. એકલી દૃષ્ટિ હોય ને જ્ઞાન જો વિવેક નહીં કરે તો દૃષ્ટિ એકાંત તો ઈ દૃષ્ટિ ખોટી થશે. દૃષ્ટિનો વિષય એવો છે કે એક ઉપર-એકનો વિષય કરે અને જ્ઞાન બધાનો વિવેક કરે અને દૃષ્ટિ વગરનું જ્ઞાન એ પણ યથાર્થ નથી. અને દૃષ્ટિ મુખ્ય હોય પણ એની સાથે જ્ઞાન હોય તો એ બેયને સંબંધ છે. જો એકલું હશે તો ખોટું થાશે. દૃષ્ટિમાં કૂટસ્થ આવ્યું માટે ઈ સાચું ને જ્ઞાનમાં કથંચિત્ પરિણામી ને અપરિણામી આવ્યું માટે ઈ ખોટું એમ નથી. દૃષ્ટિ કૂટસ્થ થઈ તો દૃષ્ટિ મુક્તિના માર્ગમાં મુખ્ય છે માટે દૃષ્ટિમાં એકરૂપે અનાદિકાળથી તે આ સાચું ને આ સાચું આ સાચું ને આ સાચું એમ કર્યા કર્યું અને યથાર્થ સમજ્યો નથી. માટે ઈ પ્રમાણનો એમ કહેવાય છે. પણ દૃષ્ટિપૂર્વકનું જે પ્રમાણ જ્ઞાન છે એ તો યથાર્થ છે. દૃષ્ટિએ વિષય કર્યો અખંડનો. અખંડની દૃષ્ટિ વગર મુક્તિ માર્ગ થાતો નથી. પણ સાથે રહેલું જે જ્ઞાન છે તે દ્રવ્ય ને પર્યાય બેનો વિવેક કરે છે. માટે એ પ્રમાણ પણ યથાર્થ છે. પહેલાનું જે પ્રમાણ કોઈ એમ કહે કે નિશ્ચય સાચું અને વ્યવહાર સાચું એમ કહે તો ઈ યથાર્થ નથી પણ દૃષ્ટિપૂર્વકનું જ્ઞાન છે ઈ યથાર્થ છે. ૩૧.

✻ પ્રશ્ન : દ્રવ્ય પર્યાય સહિતનું?

● ઉત્તર : દ્રવ્યદૃષ્ટિ કરવામાં એકલો જ્ઞાયક. દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક ઉપર કરવી એમાં પર્યાય ભેગી ન રહે. દૃષ્ટિ કરનારી પર્યાય, પણ દૃષ્ટિના વિષયમાં એકલું દ્રવ્ય જ્ઞાયક આવે પણ એ પર્યાય સહિત જ્ઞાયક લેવો હોય તો જ્ઞાયક કાર્ય સહિત લેવું હોય તો કાર્ય સહિત પણ આખો જ્ઞાયક લેવાય. પણ દૃષ્ટિના વિષયમાં તો એ એકલો દ્રવ્ય જ્ઞાયક. દૃષ્ટિના વિષયમાં એકલો દ્રવ્ય જ્ઞાયક. વસ્તુનું આખું સ્વરૂપ વર્ણન કરવું હોય તો દ્રવ્ય જ્ઞાયક, ગુણ જ્ઞાયક, પર્યાય જ્ઞાયક બધું જ્ઞાયક છે. આખી વસ્તુ જ્ઞાયક જ છે. કેવળજ્ઞાન થાય તો આખું

જ્ઞાયક છે. કેવળજ્ઞાનનું દ્રવ્ય જ્ઞાયક, એનું ગુણ જ્ઞાયક, એની પર્યાય જ્ઞાયક. બધું જ્ઞાયક છે. દૃષ્ટિના વિષયમાં એકલું દ્રવ્ય. એકલું દ્રવ્ય દ્રવ્યદૃષ્ટિનો વિષય. ૩૨.

✻ **પ્રશ્ન : ઉપાડ કઈ રીતે કરે? દૃષ્ટિના વિષયમાં કે આખા દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય રીતે?**

● ઉત્તર : નહીં. ઉપાડ એક દૃષ્ટિનો વિષય. જ્ઞાયક, હું જ્ઞાયક છું. એમાં એકલું દ્રવ્ય ને ગુણ બે આવી જાય. ગુણનો ભેદ નથી પડતો. સામાન્ય આખો જ્ઞાયક આવી જાય છે. ગુણનો ભેદ નથી પણ દ્રવ્યની અંદર ગુણ ભેગા આવી જાય. ગુણભેદ નથી પણ એકલું દ્રવ્ય જ્ઞાયક આખું, પર્યાય તો પ્રગટ નથી ને. જે પર્યાય સ્વાભાવિક દ્રવ્ય છે. દ્રવ્ય ગુણ સ્વભાવ એનો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, દ્રવ્યનું સ્વરૂપ પણ એ પર્યાય પ્રગટ પરિણમતી પર્યાય નથી એનામાં ભેગી આવતી. પર્યાય જ્ઞાયકરૂપે પરિણમતી પર્યાય નથી. દૃષ્ટિના વિષયમાં એકલું દ્રવ્ય જ આવે. પ્રગટ પરિણતિ થાય તો દ્રવ્ય જ્ઞાયક, ગુણ જ્ઞાયક ને પરિણમતી પર્યાય જ્ઞાયક. એ લોકાલોક પ્રગટ થાય. જ્ઞાયક પ્રગટ થયો. જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમ્યો. જ્ઞાયકની જ્ઞાતાધારા થઈ. જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરી તો જ્ઞાયકની જ્ઞાતા ધારાની પરિણતિ થઈ. તો એ પરિણતિરૂપે પરિણમે એમ આવે પણ એના વિષયમાં તો એકલું દ્રવ્ય આવે છે. દૃષ્ટિના વિષયમાં એકલું દ્રવ્ય આવે છે. એને લક્ષ લેવાનું, ધ્યેયમાં લેવાનું એક દ્રવ્ય આવે છે. જ્ઞાનમાં બધું આવે કે દ્રવ્ય છે ઈ ખાલી નથી. દ્રવ્યમાં અનંત ગુણો છે. દ્રવ્યમાં જ્ઞાનગુણ દ્રવ્યમાં પરિણમન કરનારું દ્રવ્ય એ બધું દ્રવ્યમાં એ જ્ઞાનમાં બધું છે. પણ દૃષ્ટિના વિષયમાં એકલું દ્રવ્ય છે. ધ્યેય અને લક્ષ રાખવાનું એક દ્રવ્ય ઉપર. જ્ઞાનમાં આવે બધું. દ્રવ્યમાં અનંતગુણ—એના લક્ષણ ભેદે ભેદ છે. વસ્તુભેદે ભેદ નથી. દ્રવ્ય કૂટસ્થ નથી. દ્રવ્ય પરિણમનારો છે એમ બધું એનું જ્ઞાનમાં બધું આવે પણ એના વિષયમાં એકલું દ્રવ્ય છે. એને ધ્યેય કરવાનો એકલું દ્રવ્ય છે. સાધનાની પર્યાય પરિણમી. જ્ઞાયક

જ્ઞાતા ધારારૂપે પરિણમ્યો. આટલો આ જ્ઞાયક જ્ઞાતારૂપે પરિણમ્યો. આટલું બાકી છે. આટલું આટલું પ્રગટ થયું છે. આટલું બાકી છે. એ બધું જ્ઞાનમાં આવે. જ્ઞાયક જ્ઞાયકરૂપે ધારા. પૂર્ણ થયો તો પૂર્ણ જ્ઞાયક પરિણતિ. પણ અધુરું-જ્ઞાયક દ્રવ્યરૂપે જ્ઞાયક પૂર્ણ શક્તિવાળો પણ પર્યાયમાં હજી સમ્યક્દર્શન સુધી પહોંચ્યો, હજી લીનતા બાકી છે. હજુ જ્ઞાયકની પરિણતિ જ્ઞાયકરૂપે કેટલી થઈ એ બધું જ્ઞાનમાં છે, બાકી એના વિષયમાં એકલું, એકલું દ્રવ્ય. ને પ્રગટ પરિણતિમાં કર્તાબુદ્ધિ થાતી'તી, તે કર્તાબુદ્ધિ છૂટીને જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમે. જ્ઞાયકની જ્ઞાતાધારા થઈ ઈ બધું જ્ઞાનમાં છે. દૃષ્ટિના વિષયમાં તો એકલું દ્રવ્ય છે. એના દૃષ્ટિના વિષયમાં નથી આવતું. પરિણમતી પર્યાય એના વેદનમાં આવે છે. એના જ્ઞાનમાં આવે છે. ૩૩.

❀ બહેનશ્રી : જ્ઞાયકને જ્ઞાયકરૂપે પોતે જાણ્યો નથી. જ્ઞાયક જ્ઞાયકરૂપે ક્યારે કહેવાય કે જ્યારે એણે પ્રગટરૂપે એ દૃષ્ટિમાં જ્ઞાયકને લીધો. એને દૃષ્ટિમાં જ્ઞાયકની પરિણતિ જ્ઞાયકરૂપે થઈ. ભલે અંશે થઈ તો જ્ઞાયક જ્ઞાયકરૂપે થયો. અનાદિનો જ્ઞાયક છે પણ એ પોતે દૃષ્ટિમાં લીધો નથી. એટલે કર્તાબુદ્ધિએ પરિણમ્યો, અનાદિનો 'પરને હું કરું છું' અને વિભાવને બધાને એકમેક કર્તાબુદ્ધિ કરીને જ્ઞાયકને પોતે ઓળખતો નથી. પણ એ દ્રવ્ય પર દૃષ્ટિ મૂકે તો જ્ઞાયક 'આ હું જ્ઞાયક'. તો જ્ઞાયક જ્ઞાયકરૂપે અંશે પરિણતિ થઈ. જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમ્યો. પણ દૃષ્ટિમાં લેવાનો જ્ઞાયક. દ્રવ્યને દૃષ્ટિમાં લેવાનો છે. પર્યાયને દૃષ્ટિમાં ન લેવાય. પર્યાય દૃષ્ટિનો વિષય નથી. તો આખું દૃષ્ટિમાં આવતું જ નથી. પર્યાયને દૃષ્ટિમાં લે તો પર્યાય એક થઈ. એક અંશ દૃષ્ટિમાં લીધો. આખું સ્વરૂપ આવતું નથી. દ્રવ્યનું આખું સ્વરૂપ દૃષ્ટિમાં નથી આવતું. જે શાશ્વત અનાદિ અનંત દ્રવ્ય છે ધ્રુવ—એ લક્ષમાં ન આવ્યું ને એક પર્યાય લક્ષમાં આવી. એ પર્યાય એ દૃષ્ટિનો વિષય નથી. ભેદ, ભેદ દૃષ્ટિમાં લેવો, એનાથી આગળ જઈ શકાતું નથી. અનાદિ અનંત એ ધ્રુવજ્ઞાયક છે. ઈ દૃષ્ટિમાં

લેવાથી સાધક પર્યાય પ્રગટ થઈ જાય છે. ૩૪.

✻ **પ્રશ્ન : નયજ્ઞાન વિદ્યા તો આવડી, પણ દૃષ્ટિદોષના કારણે નય પક્ષાતિક્રાંત થવાની વિદ્યા હાથ ન આવી, વળી આપ પ્રાધાન્યપણે દૃષ્ટિને જ કહો છો. એવા આજનો ૐ ધ્વનિનો માંગલિક દિવસે દૃષ્ટિને સાચો વળાંક મળે એ માટે માર્ગદર્શન આપો તો આ દૃષ્ટિદોષ નીકળે.**

● ઉત્તર : એવું છે ને. ભણતર એણે અગિયાર અંગનું કર્યું પણ એ નય પક્ષનું જ્ઞાન ભણવા ખાતર ભણવાનું કર્યું, પણ મારા આત્માના હેતુ, આત્માને ઓળખ્યો નહીં. આત્માનું શું સ્વરૂપ છે? આત્માનો ક્યો સ્વભાવ? બધું જ્ઞાનમાં જાણી લીધું પણ 'આ મારો આત્મા' એનું અસ્તિત્વ ગ્રહણ કર્યું નહીં. 'હું જ્ઞાન સ્વભાવી આત્મા, જ્ઞાયક સ્વભાવી આત્મા' એને ગ્રહણ કર્યો નહીં. જ્ઞાન માત્ર કરી લીધું અને પક્ષાતિક્રાંત થવાનો અંદરથી પ્રયત્ન કર્યો નહીં. દૃષ્ટિ તો એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ હોવી જોઈએ. "જ્ઞાયક હું, શાશ્વતો આત્મા હું, જ્ઞાયક જ છું. શુદ્ધ આત્મા જ છું" પછી એમાં જે પર્યાયના, ગુણના ભેદો છે એ બધા જ્ઞાનમાં જાણી લે. આ વિભાવ, આ સ્વભાવ. આ ગુણભેદ, પર્યાયભેદ બધું જ્ઞાનમાં જાણી લે. એ દૃષ્ટિ સાથે જ્ઞાન તો ઉભું રહેલું જ હોય છે. જો દૃષ્ટિ સાથે જ્ઞાનનો વિવેક ન હોય તો દૃષ્ટિ યથાર્થ થાતી નથી અને દૃષ્ટિ જ્ઞાનની સાથે દૃષ્ટિ હોય છે અને દૃષ્ટિ સાથે જ્ઞાન હોય છે તો જ એને સમ્યક્પણું લાગુ પડે છે. માટે એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ મૂકી ને બધા પડખાનું જ્ઞાન કરીને પછી 'જે આ વિભાવ છે એ મારો સ્વભાવ નથી'. એનાથી છૂટવાનો પ્રયત્ન કરે. કોઈ પક્ષમાં ઉભો ન રહે કે આ શુદ્ધ છે કે આ અશુદ્ધ છે કે આ નિત્ય છે કાં અનિત્ય છે. એ બધું જાણવા માટે બધું આવે કે વસ્તુનું શું સ્વરૂપ છે? પણ સ્વરૂપની પ્રતીત કરીને અંદર લીનતા વખતે બધું છૂટી જાય છે. એ કાંઈ ઉભું રહેતું નથી. શાસ્ત્રમાં આવે છે ને? ગુરુદેવ કહેતા કે આ દાગીનો છે એમ જાણ્યું, એનું સ્વરૂપ જાણ્યું પછી

એને પહેરવા ટાણે બધું છૂટી જાય. એમ પક્ષો—એનું સ્વરૂપ જાણે. કઈ અપેક્ષાઓ જાણે. બધું જાણે. એમ અનેકાંત સ્વરૂપને જાણે. પણ એક ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકે એ તરફ વળવાનો પ્રયત્ન કરે તો બધું છૂટી જાય ને ઈ માર્ગ એક જ છે. દૃષ્ટિ મુખ્ય રાખીને સાથે જ્ઞાન સાચું હોવું જોઈએ. તો એની દૃષ્ટિ સમ્યક્ થાય છે. દૃષ્ટિ એટલે શાશ્વતો જ્ઞાયક શુદ્ધ આત્મા છું, પણ એમાં પર્યાયમાં અશુદ્ધતા છે એને ખ્યાલ છે અને અશુદ્ધતા છે એ તોડવાનો પ્રયત્ન કરે છે કે હું તો શુદ્ધ આત્મા, એ દૃષ્ટિના બળે પોતાની પરિણતિને પોતા તરફ વાળ્યા કરે છે. માટે એ જ મુક્તિનો માર્ગ છે. બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી. એક આત્માને ગ્રહણ કરી ચારે બાજુનું જ્ઞાન કરી અને પોતા તરફ વળવાનો પ્રયત્ન કર્યા કરે. લીનતાનો પ્રયત્ન કર્યા કરે કે 'હું આ આત્મા ને આ વિભાવ સ્વભાવ.' સ્વભાવને મુખ્ય રાખીને જ્ઞાયકની ધારાને દૃઢ કરીને અંતરમાં વારંવાર વાળવાનો પ્રયત્ન કરે એ એક મુક્તિનો માર્ગ છે. એમાં જ સ્વાનુભૂતિની દશા રહેલી છે. ૩૫.

**✻ પ્રશ્ન : એમ આવે છે કે કેવળી ભગવાન બન્ને પક્ષને જાણે છે. તેમ આમાં જાણવાનું જ રહે તો જ પક્ષાતિક્રાંત થાય. એમ જ ને ?**

● ઉત્તર : જાણે છે તો પક્ષમાં કેવળજ્ઞાનીને કાંઈ રાગ નથી હોતો. માત્ર જાણે જ છે. કોઈ પક્ષમાં એનો રાગ નથી થતો. વીતરાગ છે. માત્ર જાણે જ છે કે આ દ્રવ્ય છે, આ પર્યાય છે, આ ગુણ છે. બધું જાણે છે. કોઈ પક્ષમાં કેવળજ્ઞાની ઉભા રહેતા નથી. માત્ર જ્ઞાન તો એમને લોકાલોકનું હોય છે. એમાં કોઈ પક્ષમાં કેવળજ્ઞાનીને કોઈપણનો રાગ નથી. એ તો વીતરાગ છે. જેમ સ્વરૂપ છે વસ્તુમાં એમ જાણી લે છે. ૩૬.

**✻ પ્રશ્ન : નીચેની ભૂમિકામાં પણ એ રીતે જાણકાર રહે તો ?**

● ઉત્તર : હા. એમાં જાણકાર રહે. દરેક પડખાઓને જાણે કે આ દ્રવ્ય, ગુણ, પર્યાય, વિભાવ, સ્વભાવ બધુ. કોઈ પક્ષનો આગ્રહ ન રાખે, એનો જ્ઞાયક થઈ જાય. એનો જ્ઞાતા, કેવળજ્ઞાનીને રાગ

નથી. વીતરાગ થઈ ગયા છે. નીચેની ભૂમિકામાં અંશે રાગ છે. અસ્થિરતામાં રાગ છે. પણ કોઈ પક્ષના રાગમાં ઉભો નથી રહેતો. દરેક વિકલ્પ આવે એ વિકલ્પનો પણ જ્ઞાતા છે. જે વિચારો આવે દ્રવ્ય-ગુણ-પર્યાયના એ રાગમિશ્રિત છે એનો એ જ્ઞાતા છે. દરેકનો જ્ઞાયક રહીને બધું સ્વરૂપ જાણે જ છે. કોઈ પક્ષમાં સમ્યક્‌જ્ઞાની ઉભા રહેતા (નથી.) એની જ્ઞાતાધારા એવી હોય છે કે કોઈ પક્ષમાં નથી ઉભા રહેતા. એને પક્ષ તૂટી ગયો છે અને જ્યારે અંતરમાં લીન થાય ત્યારે તો વિકલ્પ તૂટી જાય છે અને બહાર હોય ત્યારે પણ કોઈ પક્ષ એને હોતો નથી. માત્ર જાણે છે. કોઈ પક્ષ સાથે એકત્વબુદ્ધિ નથી. માત્ર જાણે છે. મિથ્યાદૃષ્ટિ, મિથ્યા, સમ્યક્‌દૃષ્ટિ, સમ્યક્‌જ્ઞાન મિથ્યાજ્ઞાન મિથ્યાચારિત્ર સમ્યક્. બધાનું સ્વરૂપ જાણે છે. કોઈ પક્ષમાં ઉભા રહેતા નથી. નિરાળો જ્ઞાયક એને સદાને માટે નિરાળો જ રહે છે. એમ નિરાળાની ધારા ચાલ્યા કરે છે. ૩૭.

✻ પ્રશ્ન : તો એને આગ્રહ રહી જાતો હશે પક્ષનો? પક્ષાતિક્રાંત ન થતા હોય ત્યારે?

● ઉત્તર : એ દૃષ્ટિની અપેક્ષાએ પક્ષ પકડી લે છે. એનો તો કોઈ માર્ગ જ નથી આગળ જવાનો. શ્રદ્ધા એની એકત્વબુદ્ધિરૂપે શ્રદ્ધા થઈ જાય કે આમ જ છે. ખોટી રીતે કોઈ વસ્તુને મુખ્ય કરી નાખવી, કોઈ પર્યાયને—કાંઈ સમજ્યા વગરની કોઈ વસ્તુની પકડ થઈ જાય એકત્વબુદ્ધિથી એ તો એનો અભિપ્રાય જ ખોટો છે. પણ હજી રાગદશા છે અને કોઈ વાતને જાણવા માટે એમાં ઉભો રહેતો હોય તો અસ્થિરતાનો રાગ છે. પણ એ તત્વની વાતમાં એને પક્ષ નથી હોતો. એ તો એને રાગ છે એ અસ્થિરતાનો છે રાગ. બાકી કોઈ તત્વની વાતમાં એને આગ્રહ નથી હોતો. જાણે છે માત્ર. ૩૮.

● બહેનશ્રી : દ્રવ્યદૃષ્ટિને કેટલું વજન દેવું ઈ? કોટી કેટલી છે એ સમજી લેવી. અનાદિનો માર્ગ અજાણ્યો છે દ્રવ્યદૃષ્ટિ હજી પ્રગટ કરી નથી. એ દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે પણ સાથે વ્યવહાર હોય

છે, પણ એ વ્યવહાર કોઈ પ્રયોજનવશ કોઈ વાર આચાર્યોએ વ્યવહારની વાત કરી હોય તો ઈ કાંઈ કાઢી નાખવાની નથી. સાધકદશામાં વચ્ચે આવે છે. એ સાધ્યસાધકભાવના ભેદથી એક સાધ્ય ગ્રહણ કરવાનું એક આત્મા, પણ એમાં વચ્ચે જ્ઞાન, દર્શન ચારિત્રના ભેદ આવ્યા વગર રહેતા નથી. આ જ્ઞાન છે. આ દર્શન છે. આ ચારિત્ર છે. એવા ભેદ વિકલ્પ આવે તે વિકલ્પમાં રોકાવાનું કહેતા નથી આચાર્યદેવ, પણ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. તો જ્ઞાયકની દૃષ્ટિ કરે એમાં વચ્ચે આવે છે. સાધ્ય સાધકભાવ વચ્ચે આવે છે. દ્રવ્યથી પૂર્ણ પણ એને સાધકદશા વચ્ચે આવ્યા વગર રહેતી નથી. દ્રવ્યથી પૂર્ણ છે પણ પર્યાયમાં તો અધૂરાશ છે, માટે એ વચ્ચે આવ્યા વગર રહેતી નથી. જે પરમભાવને પહોંચી ગયા એને વ્યવહારનું કાંઈ પ્રયોજન નથી. પણ જે હજી સમયસારમાં આવે છે ને કે સોનાના તાર પ્રતિવર્ણિકા જેમ સોનું થઈ ગયું હોય. એને કોઈ તાપની જરૂર નથી. પણ જે એની સાધકદશામાં છે એને વચ્ચે વ્યવહાર આવે છે. પણ એ વ્યવહાર જાણવા યોગ્ય છે. એને ગ્રહે, આદરવા યોગ્ય કે રાખવા જેવો છે એવો અર્થ નથી. પણ એ વચ્ચે આવ્યા વગર રહેતો નથી. એને જાણી લેવો. દ્રવ્યદૃષ્ટિને મુખ્ય રાખવી. વ્યવહાર વચ્ચે આવે છે. ૩૯.

સદ્‌ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.